સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

કરે છે ઝેરની ખેતી ને ફેલાવે છે ઝેર!
ઓકે છે ઝેર ને નેતાઓ રેલાવે છે ઝેર!
જીભે ઝેર એની આંખો ને સંબંધોમાં ઝેર -
વાવે છે ઝેર ને નેતાઓ સિંચાવે છે ઝેર!
(ચૂંટણી-ઝેરનું પ્રદૂષણ)

હાઈકુ

...ને કરી નાખ્યું -
- ગરીબી ઉન્મૂલન,
કલમ ગોદે -
(એન.લાલ નો જાદુ)

ભાંગ ને ફોડ,
છે એમની રગમાં -
રાષ્ટ્રીય નીતિ...
(‘આપ’ની ફરિયાદ)

ચિંતન

ઉદર સમાતા અન્ન લે, તનહિ સમાતા ચીર ।
અધિકહીં સંગ્રહ ના કરૈ, તિસ કા નામ ફકીર ॥

અપરિગ્રહ-સંતોષ-ત્યાગ બાબત બધા જ સંતો-મહાત્મા તથા પુરાણો-ઉપનિષદમાં કહેવામાં આવ્યું જ છે.

કબીરજી કહે છે :- ‘પેટમાં જેટલી ભૂખ હોય એટલું જ અન્ન જો મળી રહે (કીડીને કણ-) એક ટંકની દાલ રોટી મળી જાય તો સંતોષ બીજા ટંકની ચિંતા જ શા માટે કરવી? શરીર ઢાંકવા જેટલું વસ્ત્ર મળે એટલે બસ! મહાત્મા ગાંધીજી માત્ર એક પોતળી જ નહોતા ચલાવતા!

ધન-સંપત્તિ બાબતમાં પણ જરૂરીયાત જેટલું જ રાખવું. અધિક સંગ્રહ ન કરવો - આ સ્વભાવ ધરાવનાર જ સાચો ફકીર છે.’

અકરાંતિયા થઇ બે પેટ કરીને ખાવાથી કંઇ બે દિવસ ભૂખ નથી લાગતી એવું નથી. જયલલિતા અને એવી અભિનેત્રીઓ કપડાંના ગંજ-ગોડાઉન ભરાય એટલી ‘સાડીઓ’ નો સંગ્રહ કરે છે જે જિંદગીમાં માત્ર એક-બે વાર જ પહેરવાનો વારો આવતો હશે. આશારામ-સાંઇ અને પ્રધાનશ્રીઓ જાણે સાત-સાત ભવ જીવવાના હોય એટલે સમૃદ્ધિ-જમીનો-બેન્કખાતાં ભરી ભરી સંગ્રહ કરે છે. કંઇ જ સાથે નથી લઇ જવાતું.

ઇશુ ભગવાને કહ્યું છે સોયના નાકામાંથી ઉંટ પસાર થઇ જાય પણ તવંગર સ્વર્ગમાં દરવાજામાં અટકી જાય. ઇસ્લામમાં પણ જકાત-દાનનું મહત્ત્વ છે. ઉપનિષદોમાં પણ ‘તેન ત્યકતેન ભુંજીયા’ નો ઉપદેશ આપે છે.

સંતોષ જ પરમ ધન છે.

સુવિચાર

- બધો ભાર હૃદય પર ઠલવાય એ કરતાં બહેતર છે કે આંસુ બની ને વહી જાય- ***માનસ સૂત્ર***
- તમે હજાર કામ કરો એટલે નિષ્ણાત બની જાવ એ જરૂરી નથી પણ હા. એકનું એક કામ હજારવાર કરો તો અચૂક નિષ્ણાંત બની જશો ***- સ્પેનિશ કહેવત***
- ક્યાંય તારા નામની તકતી નથી, એ હવા!! તારી સખાવત ને સો સલામ ***- ધૂની માંડલીયા***
- સામેવાળાને ઉઝરડો ન પડે તે રીતે કરેલી સહાય મંદિરમાં થતી પ્રાર્થનાનું એક સ્વરૂપ છે ***- સુરેશ દલાલ***
- ઘણીવાર ધર્મસ્થાનકોમાં દાનપેટીમાં સરકાવેલા સિક્કા એ ભક્તોએ પોતાની જિંદગી માટે જાણે ‘મેઇન્ટેનન્સ ચાર્જ’ ચૂકવ્યો હોય એવું લાગે છે ***- ફાધર વાલેસ***
- ટાણે જાગે તે માણે, બાકીના નિંદરું તાણે..!! ***- ગુજરાતી કહેવત***
- ખાંસે છે વૃધ્ધ પિતા એ ઓરડો જુદો છે, બેસે છે ઘરનાં સભ્યો એ ઓરડો જુદો છે ***- રાજેશ વ્યાસ***

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

ઘણીવાર આપણી ‘જરૂરીયાત’ન હોય છતાં ફેરિયો આવ્યો હોય એટલે કે ‘બહેનપણી’ ને ‘કંપની’ આપવા ગયાં હોઇએ છતાં ખોટી ખરીદી કરી એ છીએ. કોઇ બહાર ગામ જતું હોય તો ‘ત્યાં નું શું વખણાય?’ એ અમારે માટે પણ લેતા આવજો’ આવું જ ખોટા નાસ્તા, ખોટી વસ્તુઓ ભરી આપણે ઘરને ગોડાઉન બનાવીએ છીએ. ‘જરૂરીયાત’ વિના કંઇ જ કરવું-ખરીદવું નહીં.

મુલ્લા નસરૂદ્દીન તેના મિત્ર સાથે એક કવ્વાલીના કાર્યક્રમમાં ગયા. કાર્યક્રમ લાંબો ચાલ્યો. મુલ્લા નસરૂદ્દીનને ખૂબ તરસ લાગી. એટલે મિત્ર હુસેનને કહ્યું ‘હું બહાર પાણી પીવા જાઉં છું તારે આવવું છે?’

ગીર્દી ઘણી હતી અને એમાંથી રસ્તો કરી કરી છેક દૂર હોટલ પર પાણી પીવા જવાનું હતું. હુસેન જરા આળશુ હતો તેણે કહ્યું મારા માટે એક ગ્લાસ પાણી તું જ ભરતો આવજે!

મુલ્લા તો માંડ માંડ કોઇનાં માથાં પર તો કોઇની કાંધ પર હાથ મૂકતા મૂકતા બહાર ગયા. હોટલમાં ચા-પાણી પીધાં અને એમજ હાથ હલાવતા-હલાવતા પાછા આવી પોતાની જગા પર બેઠા.

મુલ્લાને ખાલી હાથે આવેલા જોઇ હુસેને પુછ્યું - મુલ્લા મારા માટે કેમ પાણી ન લાવ્યાં?!

મુલ્લા કહે, તને સાચી તરસ હતી જ નહીં. જો સાચી તરસ હોય તો તું પણ મારી સાથે તકલીફો વેઠી બહાર આવ્યો જ હોત!!

Email - sureshchandrabhatt18@gmail.com

સમય જતાં તેમનાં ઘરમાં બે બાળકો આકાશ અને ધરાનું આગમન થયું, એક સરળ સુખી જીવન તે પોતાના કુટુંબ સાથે જીવતા હતા, જે કેસમાં એમ લાગે કે ચાલાક અપરાધીને બચાવી શકાય તેમ નથી તેવો કેસ એ લેતા જ નહીં

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

કાર્તિકભાઇ હોસ્પિટલથી ઘેર આવ્યા. તેમણે સામેલ ઉભેલ પત્ની કુસુમ પર આગ ઝરતી નજરે જોયું અને લથડતા પગે બેડરૂમમાં ચાલ્યા ગયા. કપાયેલું કોઇ ઝાડ પડે તેમ ધબ્બ દઇને પથારીમાં પડ્યા અને માથા નીચે તકીયો સરકાવી આંખો મીચી સુઇ ગયા. આંખોને હથેળીથી એ રીતે ઢાંકી દીધી જાણે કે અત્યારે એ કંઇ પણ જોવા કે વિચારવા માંગતા ન હોય. એમ લાગતું હતું કે મગજની એક એક નસ તડ તડ કરીને હમણાં તૂટી જશે. આંખોમાં એકદમ બળતરા થતી હતી.

તે આ શહેરમાં જાણીતા ક્રિમીનલ કેસના એડવોકેટ છે. તેમણે પોતાની બુદ્ધિ કૌશલ્ય, દાવપેંચ, વાદ-વિવાદથી કેટલાય ચાલાક અને ખુની બચાવી લીધા હતા અને અનેક ગરીબ નિર્દોષને જેલ ભેગા કર્યા હતા.

આજથી દસ પંદર વર્ષ પહેલાં તે એક સાધારણ વકીલ હતા. અને પોતાના સિનિયર વકીલ વિનોદ શાહ સાથે વકીલાત કરતા હતા. તેમની પાસેથી જ એમણે કુખ્યાત ગુનેગારોને બચાવવાના દાવપેચની કળા શીખી હતી. રૂપિયાના રણકારની સામે તમામ સંબંધો અને માનવીય સંવેદનાઓને નિર્મમતાપૂર્વક કચડી નાંખવાની પ્રવૃત્તિ તેમની નસ નસમાં તેમને મળેલ તાલીમે ભરી દીધી હતી. એલ.એલ.બી. થતાં જ કુસુમ સાથે તેમનાં લગ્ન થઇ ગયેલાં. મા-બાપ વિહોણી કુસુમનું ભરણપોષણ પંદર વર્ષની ઉંમરથી જ ભાઇ-ભાઇ કરતાં હતાં. લગ્ન પણ તેમણે જ કરાવી આપેલાં. સમય જતાં તેમનાં ઘરમાં બે બાળકો આકાશ અને ધરાનું આગમન થયું. એક સરળ સુખી જીવન તે પોતાના કુટુંબ સાથે જીવતા હતા. જે કેસમાં એમ લાગે કે ચાલાક અપરાધીને બચાવી શકાય તેમ નથી તેવો કેસ એ લેતા જ નહીં. પણ અચાનક એડવોકેટ શાહના સંપર્કમાં આવતાં તેમના વિચારો એકદમ બદલાઇ ગયા. માનવીય સંવેદના અને માનવતા ને એ રીતે તે પોતાના પગતળે ચકડવા લાગ્યા જાણે કે એ કોઇ ઝેરી જીવ હોય. વિનોદ શાહની વાત આજે પણ તેમના કાનમાં ગુંજી રહી છે.

‘આ શું બે રૂમમાં ફ્લેટમાં રહો છો?’ બાળકોને સરકારી શાળામાં મુક્યા છે. કુસુમબેન આટલાં ભણેલાં ગણેલાં હોવા છતાં કામવાળીની જેમ ઢસરડા કરે છે. એવું તો ઘણું બધું. ક્યારેક એ તેમનાં કપડાં બાબતે ટોક્તાં તો ક્યારેક બુટ બાબતે... અને એ રીતે તેમણે તેને વકીલાતના પાઠો ભણાવ્યા કે જોત જોતામાં દશ વર્ષમાં તેમની પાસે શહેરનાં ખતરનાક ખુનીઓ અને બીજા આરોપીઓની ભીડ જામવા લાગી. તે વિનોદ શાહના બનાવેલ નુસખાઓ અપનાવતા ગયા અને અપરાધીઓ મૂછો પર તાવ દેતા નવા નવા અપરાધો કરવામાં પાવરધા અને કટ્ટીબદ્ધ થતા ગયા. બીજી તરફ અનેક નિર્દોષ લોકો જેલના સળીયાની ભીંતર સબડવા મજબૂર બની ગયા. તે દશ વર્ષમાં તો આજે ક્યાંથી ક્યાં પહોંચી ગયા. શહેરના પોશ વિસ્તારની સોસાયટીમાં તેમનો વિશાળ બંગલો જેમાં તેમના રહેવા ઉપરાંત ગેસ્ટરૂમ, સ્વિમીંગ પુલ લાંબો પહોળો બગીચો, ત્રણ ચાર નોકર જે ઘર અને કૂતરાઓને સાચવતા. તેમના બાળકો હવે એવી સ્કુલમાં જવા લાગ્યા હતાં કે જ્યાં ભણતર કરતાં તેમની પ્રેસ્ટીજ અને વૈભવનો ખ્યાલ આવે. બાળકોને સ્કૂલ બસમાં મોકલવામાં પણ હવે તે નાનમ સમજતા હતા. બે-ત્રણ લકઝુરીયસ ગાડીઓ તેમના અને તેમની પત્ની માટે ખાસ ડ્રાયવરો સાથે તૈનાત રહેતી તે પોતાના કેસ અને સોનું ક્યારેય બેંકના લોકરમાં મુકતા નહીં પણ પોતાના મકાનમાં બેડરૂમમાં એક ડ્રેસિંગ કબાટ જે બહારથી આદમકદ અરીસાથી સુશોભિત હતો અને જાત જાતના પરફ્યુમ તેમજ મેકઅપના સામાનથી ભરેલો લાગતો પણ અંદરના ભાગે કઇ રીતે તે ખુલતો અને અંદર કેવા ખાનાં હતા કે જેમાં ફોરેન કરન્સી, કેશ અને ગોલ્ડ જે તેમણે ભરેલું હતું તેની જાણ કુસુમને પણ તેમણે થવા દીધી ન હતી. સૌથી આશ્ચર્યની વાત તો એ હતી કે તેમાં કોઇ તાળાચાવી જેવી વ્યવસ્થા ન હતી. બસ એક કોડ નંબરનું બટન હતું. જે ફક્ત એ પોતે જાણતાં અને તે જ ઓપરેટ કરતા.

તેમને એ દિવસ યાદ આવ્યો જે દિવસે સવાર સવારમાં સવારમાં નવ વાગ્યે કોઇ માણસ મળવા આવ્યો છે. તેમ ચોકીદારે કહેલું. ‘સારું બેસાડ’ કહી તે ઓફીસ જવા માટે તૈયાર થવા લાગ્યા.

તેમના ઘેર આવું તો લગભગ રોજ થતું હતું. આઠ-નવ વાગતા સુધીમાં તો તેમનાં ક્લાયંટો કાચની ચમકતી તેમની ઓફીસની આગળના ભાગે મુકેલ ખુરશીઓમાં આવીને ગોઠવાઇ જતાં. તેમને હવે એવું લાગતું જ નહીં કે આ એ જ શહેર છે જ્યાં સવારનાં મંદિરનો ઘંટારવ અને ફેરિયાઓનાં અવાજ સંભળાતા હતા. હવે તો એમ લાગે છે કે જાણે ખુન, હત્યા, મારપીટ અને અગ્નિકાંડ જાણે કે લોકોની દિનચર્યા બની ગઇ છે અને ગુનેગારો નિર્ભય, નિઃસંકોચ તેમના જેવા એડવોકેટના જોરે ખુલ્લી છાતીએ ફરી રહ્યા છે. કેમ કે તેમની જીત કાર્તિકભાઇ જેવા એડવોકેટની મુઠ્ઠીમાં ચાંદી અને ગોદામોમાં સોનાથી સુરક્ષિત છે. હવે જો કે તેમનું ઘર પણ અપરાધીઓનો અડ્ડો બનવા લાગ્યું છે તેથી તેમને પોતાની સુરક્ષાની પણ પુરતી વ્યવસ્થા કરી છે. ઘરથી ખાસ્સી દૂર તેમની ઓફીસ છે. સિક્યોરીટી ગાર્ડ ભરી બંદૂકે તેમની આસપાસ મોજુદ રહે છે.

તે દિવસે શિવરામ તેમનો સૌથી પહેલો ક્લાયંટ હતો. અંદર આવતાંની સાથે જ રોતાં રોતાં તેમના પગ પકડીને તેણે પોતાની વાત કરવા માંડી. ‘સર મને બચાવી લો મારાથી ખુન થઇ ગયું છે.’

‘ખુન’ શબ્દ તેમના માટે કંઈ નવો ન હતો.

‘સારૂં’ તેમણે બેપરવાઇથી કહ્યું, ‘આગળ બોલ’ અને તેણે આદિથી અંત સુધી પોતાની કહાણી રજૂ કરી.

‘સર, મારો છોકરો શરૂઆતથી જ થોડો જીદ્દી અને ધાર્યું કરવાવાળા સ્વભાવનો છે. કોલેજકાળ દરમિયાન કોઇ છોકરી સાથે તેને પ્રેમ થઇ ગયો. બંને કુટુંબનો વિરોધ છતાં મંદિરમાં લગ્ન કરી લઇ બંને સાથે રહેવા લાગ્યાં. રોજી-રોટી કમાવા માટે તેણે ટ્યુશન ક્લાસ - ખોલી દીધો. એ રીતે બે ત્રણ વર્ષ વીતી ગયા. પણ એક દિવસ કોઇ બાબત અંગે બંને વચ્ચે ઝગડો થઇ ગયો અને એ અલગ થઇ ગયાં.’ હું તો એ જ દિવસની રાહ જોતો હતો. તેને સમજાવી પટાવી એક સારી છોકરી જોઇ તેનાં લગ્ન કરાવી દીધા. પણ પેલી નીચ, હલકટ છોકરીએ તેનો પીછો ન છોડયો. ક્યારેક કહેતી કે એ તેના બાળકની મા બનવાની છે. તો ક્યારેક કહેતી કે તે તેની પત્ની ને મળીને તેનો ભાંડો ફોડી દેશે. રોજબરોજ તે અમને બ્લેકમેલ કરવા લાગી. આ તરફ છોકરાના સાસરાવાળાઓને ખબર પડી તો એ લોકો પણ અમને દોષ દઇ અપમાનીત કરવા લાગ્યા. સાહેબ હું તો ચારે બાજુથી મુસીબતમાં ઘેરાઇ ગયો. મને રહી રહીને પેલી નીચ સીમા ઉપર ગુસ્સો આવતો હતો. જેણે એક સાથે કેટલી જિંદગીઓનાં સુખચેન લુંટી લીધા હતા. અને એક દિવસ મોકો જોઇને જ્યારે એ ઘરમાં એકલી હતી ત્યારે હું તેને મળવા તેના ઘરે ગયો. વાત વાતમાં સમજાવી તેને ધાબા પર લઇ ગયો. ત્યાં પહેલેથી જ બે-ત્રણ માણસોને સંતાઇને રહેવાનું કહેલું હતું અને બસ અચાનક બે જણાએ પગ પકડ્યા ને મેં ધારદાર હથિયારથી તેની ગરદન પર ઝટકો માર્યો. ગરદન કપાઇ ગઇ તે સાથે જ તેને ઉંચકીને અમે ધાબેથી નીચે ફેંકી દીધી. પણ બીજા ધાબેથી પાડોશીનાં નોકરે આ ઘટના જોઇ લીધી હતી. ત્યાં સુધી કે લોહીનાં છાંટા પણ તેની દિવાલ સુધી ગયા હતા.

કાર્તિકભાઇએ શિવરામની વાત ખુબ ધ્યાન પૂર્વક સાંભળી અને થોડીવાર કિંકર્તવ્યમુઢ દશામાં બેસી રહ્યા. થોડીવાર પછી જરા વિચારતાં પટાવાળા જેવા લાગતા એ વ્યક્તિ તરફ અવિશ્વાસ સાથે તેમણે પુછ્યું ‘મારી ફી તમને ખબર છે?’

શિવરામે ફરીવાર હાથ જોડી પગ પકડી લેતાં કહ્યું ‘તમે જે કહેશો તે આપીશ.’ હું આ શહેરનાં સૌથી મોટા જવેલર્સ લક્ષ્મીકાન્તનો નોકર છું. તમે જે કહેશો તે પે કરી દેશે. બે ત્રણ લાખ જે તમે કહો તે. કારણ કે એ દિવસથી એ પણ મારી મુઠ્ઠીમાં છે.

‘શું કહ્યું?’ તે જરા ચોંક્યા.

તેના નામ અને શોરૂમથી એ સારી રીતે પરિચિત હતા. કેમકે કેટલીયે વાર ક્યારેક એકલા તો ક્યારેક કુસુમની સાથે કેટલાય ઘરેણાં તેમને ખરીદ્યા હતા. પણ ‘મુઠ્ઠીમાં’વાળી વાત તેમને ન સમજાઇ.

‘જો ખરેખર તું ખૂનના આરોપમાંથી બચવા માંગતો હોય તો ખરેખર જે બન્યું હોય તે જણાવ.’

‘સર, મારા સાહેબને શરૂથી જ બે શોખ છે. શરાબ અને સુંદર સ્ત્રી, જેમ રાત જામે તેમ આ બે વસ્તુઓનો રંગ તેમનાં પર છવાતો. પણ પોતાની પત્ની સુલોચના કોઇ પણ પુરૂષ સાથે વાત કરે તે પણ તેમને ગમતું નહીં.’ કાયમ તેને શંકાની નજરે જ જોતા. સાહેબ તરફથી થઇ રહેલી ઉપેક્ષા અને એકલતાને દૂર કરવા મેમ સાહેબે કીટી પાર્ટી અને લેડીઝ ક્લબોમાં જવા માંડ્યું હતું. પણ સાહેબને લાગતું કે તેણે પણ મારી જેમ ચાર-મિત્રો બનાવી દીધા છે. ઘણી વખત પતિ-પત્નીને આ બાબતે ખુબ ઝગડો થતો. અને એક દિવસ સાહેબ મેમ સાહેબને વાત વાતમાં ત્રીજા માળે લઇ ગયા. અને મારી મદદથી તેને ધક્કો લગાવી એટલી જોરથી નીચે ફેંકી કે દવાખાને લઇ જતાં રસ્તામાં જ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

JOB PHISHING... ઈમેલ પર લાખ્ખોની નોકરીની ઑફર..!!

અરજી કર્યા વગર જ ટાટા, રિલાયન્સ, અદાણી, ઇન્ફોસિસ, એપલ, ગુગલ જેવી કંપની ડાયરેક્ટ તમને ઇન્ટરવ્યુ માટે બોલાવે અને એ પણ મહિને બે લાખનો પગાર, તો પછી જલ્સા કે ભરાયા??

Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

આજે કેતન એકદમ ખુશખુશાલ હતો. સવાર સવારમાં ઓફીસે જઈને જેવું ઈમેલ એકાઉન્ટ ખોલ્યું તો, ‘તમારી અદાણી કંપનીમાં પસંદગી થઈ છે અને મહિને ૩ લાખનો પગાર મળશે, તમારી માહિતી અપલૉડ કરવા અહિંયા ક્લિક કરો.’ વાંચતા જ એની ડ્રીમ જૉબ મળ્યા જેટલો રોમાંચ એને થઈ ગયો...

દસ વર્ષનો અનુભવ અને ૨૫ હજાર જેટલો પગાર ધરાવતી કેતન નામની માછલી આ જૉબ ફિશીંગમાં સપડાઈ ગયો. અરે, યાર આવડી મોટી કંપની આટલો તગડો પગાર ઘેર બેઠાં આપવા આવે તો કોને ના જોઈએ? પણ ફુટબોલમાં જેમ કૉચ રેડ કાર્ડ બતાવે છે ને? એવી જ લાલબત્તી અહિંયા ધરવાની છે. આ ઈ-મેલ તમને છેતરવાં માટેનો છે. આજકાલ ન્યૂઝપેપરમાં આવા પ્રકારની છેતરામણીનાં કેટલાય કિસ્સા અવારનવાર વાંચવા મળે છે એ છતાંય ફરી ફરીને યુવાનો અને અફસોસ કેટલાંક અનુભવી પણ આ જૉબ ફિશીંગના જાળામાં સપડાઈ જાય છે!!

જૉબ ફિશીંગ એટલે, એટલે જૉબની લોભામણી જાહેરાતથી લોકોનો ગંડો કરવાનો. ટાટા, રિલાયન્સ, બિરલા, ઈન્ફોસિસ, વિપ્રો જેવી ભારતની નામાંકીત અને પ્રતિષ્ઠિત કંપની તમને લાખ-બે લાખની નોકરી ઓફર કરે છે. તાત્કાલીક ઈન્ટરવ્યુ માટે આનો એવો ઈમેલ તમને મળે છે. એ ઈમેઈલમાં કંપનીનો આબેહુબ લૉગો હોય છે, કોન્ટેક્ટ નંબર હોય છે અને એ ઑફર જ એવી હોય છે કે તમને મોંમા પાણી આવી જ જાય. અને અનેક જણની લાળ ટપકે છે અને પછી આપેલા ફોન પર કોન્ટેક્ટ કરે છે. સામેથી જવાબ મળે છે આજનો દિવસ જ તમારા માટે ઓફર છે, સાંજ પહેલાં નિર્ણય કરી લો, તમે તાત્કાલિક અમુક બેંકના ખાતામાં આપેલાં એકાઉન્ટ નંબરમાં રૂપિયાં ભરી દો. (આમાં પાંચ-દસ-પંદર હજાર જેવી રકમની માંગણી થાય)

અમે તમને દિલ્હી, મુંબઇ, બેંગ્લોર વિમાન પ્રવાસની ટિકીટ મોકલાવીશું, આવતા અઠવાડિયે ઈન્ટરવ્યુ થશે, ફાઈવ સ્ટાર હૉટેલમાં રહેવાનું થશે, તમારે જો નક્કી આવવું હોય તો એની ખાતરી માટે રૂપિયા જમા કરાવવા પડશે. અનેક જણાં આ ઑફરનાં મોહમાં પડી જાય છે, રૂપિયા ભરે છે અને પછી જે થવાનું હોય તે થઈને જ રહે છે. એ એકાઉન્ટ ગાયબ થાય છે, સિમકાર્ડ આઉટ ઑફ કવરેજ અને પછી ખબર પડે છે કે આ પણે બકરો બની ગયા!

ખરેખર તો આ પ્રતિષ્ઠિત કંપનીઓનો આ બધા સાથે કોઈ જ સંબંધ હોતો નથી. એમનો લોગો વાપરીને લોકોને ચૂનો લગાડવાનું ઓનલાઇન ટોળાઓનું આ કામ છે. એ લોકો નોકરી અપાવતી વેબસાઈટ પર અપલોડ થતાં બાયોડેટા ચેક કરતાં રહે છે. ગરજુ, નોકરી, માટે સતત તલાશ કરતાં યુવાન છોકરા છોકરીઓને ટાર્ગેટ કરે છે અને એમને આવા ફિશી મેઈલ્સ મોકલી આપે છે. એન્જિનીયર, એમ.બી.એ., સી.એ., આય.સી. ડબલ્યું થયેલા પ્રોફેશનલ અનુભવ ધરાવતાં પણ જૉબ માટે ફાંફા મારતા રહેતા લોકો પણ આ જાળમાં સરળતાથી ફસાઈ જાય છે, ત્યારે ફ્રેશર્સની તો શું વાત કરવી? એ તો હમખાસ આમાં ભરાઈ જ પડે છે. જો તક ગુમાવી શું તો શું થશે ? એટલે પૈસા ભરીને પશ્ચાતાપ વેચાતો લે છે. અરજી ના કરતાં ટાટા, રિલાયન્સ, ઈન્ફોસિસ છેક જૉબ ઈન્ટરવ્યુ માટે જ બોલાવે ત્યારે...

એક સવારે અચાનક મેઈલ આવે, તમને મોટી કંપનીના ઈન્ટરવ્યુનું આમંત્રણ, જૉબ ઓફર શું કરવું આ વખતે ? આપણે તો ક્યાંક એપ્લિકેશન કરેલી નથી, પણ આપણું ટેલેન્ટ જ એવું છે કે હું આપોઆપ સિલેક્ટ થઈ ગયો. મારો રિઝ્યુમ છેક ટાટા-રિલાયન્સ વાળા પ્રભાવિત થઈ મને ઈન્ટરવ્યુ માટે બોલાવે છે, અને ઈમેઈલ એમનો જ આવ્યો છે, તો આવા વખતે શું કરવું ? તેઓ કહે છે ફક્ત ૨૪ કલાક તમારા હાથમાં છે, જલ્દી જૉબ કન્ફર્મ કરો, દિલ્હી-મુંબઈ મુલાકાત માટે ફટાફટ પાંચ હજાર ભરો - આવું થાય તો શું કરવું?

ફોન પર એવી ડિમાન્ડ થાય કે, તમે પૈસા ભરો એટલે દસ જ મિનિટમાં વિમાનની ટિકીટ મોકલાવું છું, કયા ફાઈવસ્ટાર હોટેલમાં તમારે ઉતરવાનું છે એની વિગતો મેઈલ કરું છું. તમને વન-ડે સ્ટે મળશે, બધુ ફટાફટ પતી જશે, સમય બગાડશો તો મોકો ચુકશો - શું કરવાનું આમાં હવે? એ લોકો કહે છે, ‘લોગો જુઓ, અમે ઓરિજીનલ છીએ, બહુ માથાકુટ અને સ્ક્રુટીની બાદ તમારી પસંદગી થઈ છે, અમારો મોબાઈલ નંબર છે જ તમારી પાસે તમે ક્રોસચેક કરી શકો છો?’ મોટી કંપનીની મલાઈદાર ઑફરનો ચાન્સ આપણે ગુમાવતા તો નથી ને? એવું ય લાગે છે, પણ પુછવું કોને? શું નિર્ણય લેવાનો? આ સાચા-ખોટા ઈમેઈલ્સ કેવી રીતે ઓળખવાં? આવી લોભામણી ઓફર આવે ત્યારે મગજ શાંત રાખી કેવી રીતે નિર્ણય કરવો? જૉબ ફિશીંગના ગાળીયામાંથી બચવામાં થોડાક એકદમ સહેલા ઉપાય...

માઈક્રોસોફ્ટ કંપનીના પ્રોજેક્ટ માટે ઈન્ટેલિજેન્ટ એન્જિનીયરની જરૂર છે, મહિને અઢી લાખનો પગાર, અમેરિકા રહેવાનું થશે, જો તમને જોઈતી હોય તો દસ હજાર મોકલો - આવી ઢાંસુ ઑફરનો ઈમેલ આવે તો એ સોએ સો ટકા ખોટી જ માની લેજો, લાખ્ખો રૂપિયાની ઓફરો એમ મફતમાં કોઈ ઈમેલથી મોકલ ખરૂં?

(અનુસંધાન પાના નં. ૬ પર)

શું કોઈના દેખાવ કે કપડાં પરથી જ વ્યક્તિને ઓળખી શકાય?

ગુલમહોર

- દિનેશ દેસાઈ

આજનો જમાનો દેખાદેખીનો છે, એ જ પ્રમાણે આજનો સમય શૉ કરવાનો છે. મોટા ભાગના લોકો કોઈના દેખાવ, પહેરવેશને જ મહત્વ આપતા હોય એવું બનતું હોય છે. જેનો દેખાવ સારો, જેના કપડાં સારાં, એ વ્યક્તિ વિશ્વાસપાત્ર હશે અને પૈસાદાર પણ હશે, એવી ધારણા મોટા ભાગના લોકો બાંધી લેતા હોય. પરંતુ શું સારા કપડાં પહેરેલ વ્યક્તિ જ સારો હોય અને સાધારણ કપડાં પહેરનાર વ્યક્તિ સારો ન હોય? શું સામાન્ય કપડાં પહેરનાર વ્યક્તિ ધનવાન ન હોઈ શકે? શું કોઈના દેખાવ કે કપડાં પરથી જ વ્યક્તિને ઓળખી શકાય? તો, એનો જવાબ છે, ના.

સામાન્ય દેખાવવાળી વ્યક્તિ કોઈ મોટા શૉ-રુમમાં જતા પણ ખચકાતી હોય અને જો જવાનો પ્રયત્ન કરે તો એને દરવાજા પાસે જ રોકી દેવામાં આવે. આ વાત બહુ સામાન્ય છે. વર્ષો પહેલા પણ આવું બનતું. દેશ કોઈ પણ હોય. હાલના રાજસ્થાનમાં થઈ ગયેલા અલવર સ્ટેટના મહારાજા જયસિંહ (૧૮૯૨ – ૧૯૩૭)ના જીવનનો જાણીતો પ્રસંગ છે. જેમણે પોતાના નામ સાથે જોડીને ગુલાબી શહેર જયપુરનું નિર્માણ કરાવ્યું. આઝાદી પહેલાનો આ પ્રસંગ આમઆદમીના વ્યક્તિત્વનો મહિમા પણ કરે છે અને રાષ્ટ્રપ્રેમનો મહિમા પણ કરે છે.

મહારાજા જયસિંહ ઈંગ્લેન્ડના પ્રવાસે હતા. લંડનની એક હોટલમાં તેઓ રોકાયા હતા. નોકર-ચાકર, અંગત સેવકોનો કાફલો અને શાહી સગવડો બાજુ પર રાખીને એક દિવસ તેઓએ સામાન્ય માણસની જેમ ચાલીને બજારમાં આંટો મારવાનું નક્કી કર્યું. પોતાના અંગત સેવકોને પોતાની સાથે કે પાછળ પાછળ ન આવવા કડક તાકીદ કરી.

લંડન શહેરના બૉન્ડ સ્ટ્રીટ બજારમાં મહારાજા જયસિંહ સાદા વસ્ત્રોમાં ફરી રહ્યા હતા. સાંજનો સમય હતો. એમને જોઈને કોઈને જરા સરખો પણ અણસાર ન આવે કે આ વ્યક્તિ અલવર સ્ટેટના મહારાજા છે. બજારમાં ફરતા ફરતા તેમણે રૉલ્સ રોયસ્ કારનો ભવ્ય શૉ-રુમ જોયો. કારની કિંમત અને

> **જેનો દેખાવ સારો, જેના કપડાં સારાં, એ વ્યક્તિ વિશ્વાસપાત્ર હશે અને પૈસાદાર પણ હશે, એવી ધારણા મોટા ભાગના લોકો બાંધી લેતા હોય, પરંતુ શું સારા કપડાં પહેરેલ વ્યક્તિ જ સારો હોય અને સાધારણ કપડાં પહેરનાર વ્યક્તિ સારો ન હોય?**

બીજી વિગતો જાણવા તેઓ શૉ-રુમમાં ગયા. આ વખતે તેઓનો પહેરવેશ સાવ સામાન્ય ભારતીય નાગરિક જેવો હતો. તેઓ મહારાજા તરીકે ઓળખાઈ જાય એવો દેખાવ પણ નહોતો. આથી શૉ-રુમના મેનેજરથી લઈને સૅલ્સમેન સુધીના સ્ટાફે તેમની સાથે ગરીબ દેશના કંગાળ માણસ ગણીને સાવ તુચ્છ વ્યવહાર કર્યો. ફક્ત “ગેટ આઉટ” કહેવાનું જ બાકી રાખ્યું.

મહારાજા સમજી ગયા કે આ બધો દેખાવનો જ પ્રતાપ છે. મનોમન તેમણે કંપનીને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેઓ શૉ-રુમમાંથી નીકળી ગયા અને જ્યાં રોકાયા હતા એ હૉટલ પર પહોંચ્યા. પોતાના સ્ટાફ પાસે એ શૉ-રુમમાં ફોન કરાવ્યો અને સંદેશો આપ્યો કે હિન્દુસ્તાનની મોટી રિયાસત અલવર (રાજસ્થાન)ના મહારાજા જયસિંહ તમારા શૉ-રુમમાંથી થોડી કાર ખરીદવા માગે છે.

જ્યારે મહારાજા જયસિંહ પોતાના રાજવી પોષાકમાં તૈયાર થઈને રજવાડી ઠાઠ સાથે પેલા શૉ-રુમ ઉપર પહોંચ્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તેમના માટે રેડ કારપેટ બિછાવવામાં આવી હતી. પેલા અંગ્રેજ મેનેજર સહિતનો ગોરો સ્ટાફ અતિ નમ્ર થઈને જી હજુરી કરી રહ્યો હતો. મહારાજાએ તો શૉ-રુમમાં હાજર તમામ છ રૉલ્સ રોયસ્ કાર ખરીદી લીધી. એનું પેમેન્ટ પણ ચુકવી દીધું. એને ભારતમાં પહોંચાડવા માટેનો ખર્ચ પણ ચુકવી આપ્યો.

ભારત પાછા ફર્યા બાદ મહારાજાએ રૉલ્સ રોયસ્ કારની ડિલિવરી મળતાં જ એ તમામ કાર અલવર નગરના સાફસફાઈ તંત્રને ભેટ આપી દીધી અને તાકીદ કરી કે કચરો ઉપાડવા માટે આ કારનો જ ઉપયોગ કરવામાં આવે. આઝાદી પહેલા અલવર સ્ટેટની હકુમત ૮,૩૨૦ કિલોમીટર ક્ષેત્રફળમાં ફેલાયેલી હતી. વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ કાર તરીકે જાણીતી રૉલ્સ રોયસ્ કાર ભારતમાં કચરાગાડી – કચરો ઉપાડવા માટેની ગાડી તરીકે વપરાય છે, એવા સમાચાર આખી દુનિયામાં ન્યૂઝ પેપર્સ અને બીજા માધ્યમોથી ફેલાઈ ગયા. કાર કંપનીની સાખ અને આબરુ તળિયાઝાટક થઈ ગઈ.

આમ તો રૉલ્સ રોયસ્ કાર ધન-વૈભવનું પ્રતીક હતી. પરંતુ હવે યુરોપના દેશો અને અમેરિકા, ઈંગ્લેન્ડમાં કોઈ વ્યક્તિ પોતાની અમીરી બતાવવા જ્યારે એમ કહે કે મારી પાસે રૉલ્સ રોયસ્ કાર છે. એ વખતે સામેથી એને એવું કહેવામાં આવતું કે “ એ જ કાર ને કે જે ભારતમાં કચરો ઉપાડવા માટે વાપરવામાં આવે છે...”

રૉલ્સ રોયસ્ કારની ચોતરફ બદનામી થઈ રહી હોવાથી એનું વેચાણ પણ ઘટતું હતું. કંપનીને ખાસ્સું નુકસાન થઈ રહ્યું હતું. તપાસ કરતાં ખબર પડી હતી અને કંપનીને પોતાની ભુલ સમજાઈ હતી. કંપનીએ મહારાજા જયસિંહને ટેલિગ્રામ કરીને માફી માગી લીધી હતી અને વિનંતી કરી હતી કે રૉલ્સ રોયસ્ કારથી કચરો ઉપાડવાનું કામ બંધ કરાવવામાં આવે. કંપનીએ વધુ છ નવી કાર વિના મૂલ્યે આપવાનો પણ પ્રસ્તાવ કર્યો હતો. મહારાજાએ જો કે વિના મૂલ્યે કાર સ્વીકારી નહોતી. આખરે મહારાજાને જ્યારે એ વાતની પાકી ખાતરી થઈ ગઈ કે કંપનીને ખરેખર પોતાની ભુલ સમજાઈ છે, એ પછી જ મહારાજાએ રૉલ્સ રોયસ્ કારમાં કચરો ઉપાડવાનું કામ બંધ કરાવ્યું.

કોઈના બાહ્ય દેખાવ કે પહેરવેશ પરથી એનું મૂલ્યાંકન કરવું જોઈએ નહીં. મુંબઈના એક મિત્રે હૃદયસ્પર્શી વાત કરી. તેઓ દરરોજ બોરીવલીથી ચર્ચગેટ સુધી ટ્રેનમાં અપ-ડાઉન કરે. સમોસા વેચતા યુવાનને પણ તેઓ જુએ. એક દિવસ રાતના સુમારે ઘર તરફ જઈ રહેલા પેલા મિત્રને સમોસાવાળા યુવાન સાથે વાત કરવાનું મન થયું. યુવાનનો દેખાવ સામાન્ય હતો. હાથમાં ખાલી થયેલો ખુમચો હતો. બધા સમોસા વેચાઈ ગયા હતા.

મિત્રએ પૂછ્યું : “રોજના કેટલા સમોસા વેચાય છે?”

પેલા યુવાને જવાબમાં કહ્યું કે “સોમવારથી શુક્રવારના દિવસોમાં રોજ ૫,૦૦૦ સમોસા અને શનિવાર તથા રવિવારના દિવસો હોય કે રજાના દિવસો હોય ત્યારે ૩,૦૦૦ સમોસા વેચાય.”

મિત્રએ નફા વિશે પણ પૂછી જોયું કે “આમાં તને કેટલો ફાયદો થાય?”

(અનુસંધાન પાના નં. ૬ પર)